**કો.મુ. નં.58/2024**
**આંક–32નું સાંધણ**

**સોગંદ આપ્યા**

ઉલટ–તપાસ પ્રતિવાદી નં. 1 થી 7 તર્ફે વિ.વ.શ્રી ટી.કે.શર્મા દ્વારા ભારતીય સાક્ષ્ય અધિનિયમ,2023ની કલમ–143/2 મુજબ

મારા પરિવારમાં મારા પત્ની અને બે બાળકોનો સમાવેશ થાય છે. મારા બાળકો પૈકી દિકરો નોકરી કરે છે અને દિકરી પણ દુકાનમાં નોકરી કરે છે. હું હાલમાં છૂટક ધંધો અને નોકરી બંને કરુ છું. હું રાજપીપળા ખાતે પાંડોરી માતા પેટ્રોલપંપ ખાતે બેસુ છું. વાદી જણાવે છે કે છેલ્લા પાંચ દિવસથી જ જાય છે. હું જમીનનો સોદો અને છૂટક ધંધો કરુ છું. મારો દિકરો કે.એલ.જે. ઓર્ગેનીક લીમીટેડ, ઝઘડીયા, જી.ભરુચ ખાતે પ્લાન્ટમાં નોકરી કરે છે. મારા દિકરાએ એમ.એસ.સી.નો અભ્યાસ કરેલ છે. મારી દિકરીનાં લગ્ન થયા નથી. તેણી બી.એ., સેકન્ડ યરમાં ભણે છે અને પીત્ઝા શોપમાં નોકરી પણ કરે છે. હું સેકન્ડ યર, બી.કોમ. સુધી ભણેલ છું. મેં વ્યવસાયિક ક્ષેત્રમાં છેલ્લા 30 વર્ષોથી છું. હું શરૂઆતમાં કન્સ્ટ્રકશનનો છૂટક ધંધો કરતો હતો, ત્યારબાદ હું ચાલુ ધંધા દરમ્યાન પ્રિયદર્શની પેટ્રોલપંપ, અંકલેશ્વર ખાતે સને–1996થી નોકરી પણ કરતો હતો અને આ નોકરી મેં સને–2018/2019 સુધી કરેલી. આ સમય દરમ્યાન મારી માસિક આવક રૂ.50,000/– જેટલી અને વાર્ષિક આવક અંદાજીત રુપિયા છ–સાત લાખ જેટલી હતી. વાદી સ્વેચ્છાએ જણાવે છે કે હાલમાં પણ તેઓ માસિક રૂ.50–60,000/– જેટલી આવક ધરાવે છે. હાલમાં હું અંકલેશ્વર ખાતે રહુ છું. હું અંકલેશ્વર ખાતે સને–1994થી રહુ છું. હું ઇન્કમટેક્ષ રીટર્ન ભરુ છું. એ વાત ખરી છે કે આ રીટર્ન ભરતી વખતે મારે સાચી માહિતી આપવાની હોય છે. સને–2018/19માં મેં જે ઇન્કમટેક્ષ રીટર્ન ભરેલ તેમાં મેં મારી અંદાજીત આવક રૂપિયા ત્રણ–ચાર લાખ જેટલી બતાવેલી. સને–2017/18માં મારી અંદાજીત વાર્ષિક આવક છ–સાત લાખ જેટલી હતી. હું મારા છેલ્લા પાંચ–છ વર્ષનાં ઇન્કમટેક્ષ રીટર્ન રજૂ કરવા તૈયાર છું. હું સને–2015/16 થી રીટર્ન ભરુ છું અને ત્યારથી લઇ હમણા સુધીનાં આ રીટર્ન રજૂ કરવા તૈયાર છું. મારા પરિવારમાં મારી સાથે મારા પત્ની, બાળકો રહે છે અને મારા પત્ની સિવાય દરેક સભ્ય કમાય છે.

આઇ.ઓ.સી.એલ. પેટ્રોલપંપની જે જાહેરાત નીકળી હતી તેના હાલમાં માત્ર માલિક ચેતનાબેન છે. એ વાત ખરી નથી કે મારી દાવાઅરજીનાં પેરા નં.2 માં મારે જમીન માલિક રૂપસીંગભાઇ સાથે જે કરાર થયેલ હોવાનું જણાવ્યુ છે તેવો કોઇ કરાર થયો નથી. એ વાત ખરી છે કે મેં આ પુરાવો આ દાવાનાં કામે રજૂ કરેલ નથી. વાદી સ્વેચ્છાએ આ કરાર તેમના સાઢુ મનુભાઇ પાસે છે. એ વાત ખરી છે કે જમીન માલિકો એટલે કે પ્રતિવાદી નં. 3,4નાઓએ પેટ્રોલપંપવાળી જગ્યાનો ભાડાકરાર પેટ્રોલપંપના પ્રોપરાઇટર પ્રતિવાદી નં.1 સાથે સબ–રજીસ્ટ્રાર રૂબરૂ રજીસ્ટર કરાવેલો. મારી દાવાઅરજીનો પ્રતિવાદીઓએ જે જવાબ આપ્યો છે તે મેં વાંચેલ છે. એ વાત ખરી છે કે મારી દાવાઅરજીમાં જેમની જેમની પાસેથી પ્રતિવાદી નં.1ને પેટ્રોલપંપ માટે આપવા હેતુ નાણાં લીધા હતા તે તમામ લોકોએ મને તે નાણાં આપ્યા હોય તે બાબતથી તેમના જવાબમાં ઇન્કાર કરેલ છે અને તે બાબતનો મેં મારા પુરાવાનાં સોગંદનામામાં કોઇ ખુલાસો કરેલ નથી કે તે સંબંધી કોઇ પુરાવો રજૂ કરેલ નથી.

એ વાત ખરી છે કે સરકારમાં ઇન્કમટેક્ષ રીટર્ન ભરતી વખતે ખોટી માહિતી આપવી તે ગુનો બને છે તે હું જાણુ છું. એ વાત ખરી છે કે સને–2018/19માં મેં જે ઇન્કમટેક્ષ રીટર્ન ભર્યુ તેમાં હું જય ગુરુદેવ પેટ્રોલીયમમાં નોકરી કરતો હતો અને તેની સેલેરી તરીકે મેં રૂપિયા બે લાખ પગાર લીધેલો તેવુ દર્શાવ્યુ છે. વાદી સ્વેચ્છાએ જણાવે છે કે તેઓએ આ પગાર લીધો નથી ફક્ત સેલેરી તરીકે દર્શાવ્યો છે. એ વાત ખરી છે કે આ કારણથી મેં ઇન્કમટેક્ષ રીટર્ન ભરતી વખતે સરકારશ્રીમાં ખોટી માહિતી દર્શાવી છે. એ વાત ખરી છે કે મેં સને–2018/19નાં રીટર્નમાં વાર્ષિક આવક રૂ.3,61,220/– બતાવી છે. આ આવક મેં જે બતાવી તે સાચી હતી. એ વાત ખરી નથી કે આ રીતે મેં હાલમાં મારી ઉલટતપાસ દરમ્યાન સને–2018/19માં મારી વાર્ષિક અંદાજીત આવક રૂ.છ–સાત લાખ હતી તેવુ ખોટુ જણાવ્યુ છે. એ વાત ખરી છે કે પ્રતિવાદી નં.1નાએ તારીખ 04.12.2021નાં રોજ દિવ્ય ભાસ્કર ન્યુઝપેપરમાં જાહેર નોટીસ આપેલ કે સંગાડા પ્રતાપસિંહ વરસિંહભાઇનાઓને વહીવટી કામકાજ માટે રાખેલા હતા અને જય ગુરુદેવ પેટ્રોલપંપનાં વહીવટકર્તાને આ પેટ્રોલપંપનાં કામકાજમાંથી છૂટા કરેલ છે અને પેટ્રોલપંપનાં નામે આ સંગાડા પ્રતાપસિંહ વરસિંહ જોડે કોઇએ પણ નાણાંકીય વ્યવહાર કે લેવડદેવડ કરવી નહીં. એ વાત ખરી છે કે મેં મારા પુરાવાનાં સોગંદનામામાં મેં જે જગ્યાઓએ નાણાં ખર્ચ કર્યા તેવુ જણાવ્યુ છે તે સંબંધી કોઇ પુરાવા આ દાવાનાં કામે રજૂ કરેલ નથી. એ વાત ખરી છે કે મેં મારા પુરાવાનાં સોગંદનામામાં સદર પેટ્રોલપંપ પાછળ રૂ.1,40,94,385/–નું મૂડી રોકાણ કરેલુ તેવુ જણાવેલ છે તે સંબંધે મારી તેટલી ફાઇનાન્શીયલ કેપેસીટી હતી તે દર્શાવતો કોઇ પુરાવો આ દાવાનાં કામે રજૂ કરેલ નથી. એ વાત ખરી નથી કે મારી પાસે આટલા નાણાંનુ રોકાણ કરવાની સક્ષમતા ન હોવા છતા અને મેં ક્યારેય પ્રતિવાદી નં.1નાં પેટ્રોલપંપમાં કોઇ મુડી રોકાણ કરેલ ન હોવા છતા હું તેમને ત્યા નોકરી કરતો હોય જેથી પેટ્રોલપંપની તથા તે પંપના વહીવટની સંપૂર્ણ માહિતી ખોટી રીતે મેળવી અને તેનાં દસ્તાવેજો ખોટી રીતે મેળવી પ્રતિવાદી નં.(1) મહિલા હોય તેને દબાવી નાણાં પડાવવા હાલનો આ ખોટો દાવો કરેલ છે.

હું મારા સને–2015/16 થી અત્યાર સુધીનાં ઇન્કમટેક્ષ રીટર્ન આવતી મુદ્દત તારીખ સુધી રજૂ કરવા તૈયાર છું.

વધુ ઉલટતપાસ પ્રતિવાદી નં.(1 થી 7) તર્ફે વિ.વ.શ્રીની મૌખિક વિનંતીથી દાવાનાં રેકર્ડનો અભ્યાસ કરવા હેતુ ન્યાયનાં હિતમાં મુલત્વી.

સાહેદને જુબાની વાંચી સમજાવતા સાહેદ જુબાની સ્વિકારે છે.

તારીખ–18/12/2024 મારી રૂબરૂ

અધિક સિવિલ જજ
દાહોદ

અધિક સિવિલ જજ
દાહોદ